TATA SHAKTEE GC SHEET
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
ISC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
હોસ્પિટલ ૨૪ કલાક ઈમરજન્સી અને અકસ્માત કેસ માટે ચાલુ છે.
* અનુભવી ડૉકટર્સ
* અત્યંત વ્યાજબી ભાવે સેવા
* "માં" કાર્ડ યોજના હેઠળ મફત ઓપરેશન
કેશલેસ અને મેડીકલેઈમની સેવા ઉપલબ્ધ
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ સુદ બારસ શનિવાર ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૦૮

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# અફઘાનિસ્તાન સાથે ખુલ્લા યુદ્ધની પાકિસ્તાનની જાહેરાત



અફઘાનિસ્તાનના ખોસ્ત પ્રાંતમાં પાકિસ્તાની ફાઈટર જેટ્સ પર નજર રાખતી વખતે એન્ટી-એરક્રાફ્ટ ગન પાસે બેઠેલા તાલિબાન સૈનિકો.

**પાકિસ્તાને 'ઓપરેશન** ગઝબ લિલ હક' હેઠળ અફઘાનિસ્તાન પર કર્યા હવાઈ હુમલા; સેંકડોનાં મોત

**૨૭૪ તાલીબાન** સૈનિકો અને ખ્વારીજને ઠાર કર્યા હોવાનો અને અન્ય ૪૦૦ને ઘાયલ કર્યા હોવાનો પાકિસ્તાનનો દાવો

**૫૫ પાકિસ્તાની** સૈનિકોને મારી નાખવાનો અને અન્ય ઘણાને પકડવાનો તાલીબાનનો દાવો, ૧૯ પાકિસ્તાની ચોકીઓ પર કબજાનો પણ દાવો

**ઈસ્લામાબાદ, તા. 27 (PTI):** પાકિસ્તાને શુક્રવારે જણાવ્યું હતું કે તે અફઘાનિસ્તાન સાથે ખુલ્લા યુદ્ધમાં છે. અફઘાન તાલિબાન દ્વારા કરવામાં આવેલા સરહદ પારના હુમલાના જવાબમાં પાકિસ્તાની દળોએ હવાઈ હુમલા કરીને ૨૭૦ થી વધુ તાલિબાન લડવૈયાઓને ઠાર કર્યા હતા અને ૪૦૦ થી વધુને ઘાયલ કર્યા હતા.

બીજી તરફ, અફઘાનિસ્તાનની તાલિબાન સરકારના પ્રવક્તા મુજાહિદે દાવો કર્યો હતો કે અફઘાન દળોએ ૫૫ પાકિસ્તાની સૈનિકોને મારી નાખ્યા છે અને પાકિસ્તાનની અંદર મહત્વપૂર્ણ લશ્કરી લક્ષ્યો પર હુમલો કર્યો છે. અફઘાન તાલિબાને ગુરુવારે મોડી રાત્રે સરહદ પરની અનેક ચેકપોસ્ટો પર હુમલો કર્યો હતો, જે દેખીતી રીતે રવિવારે અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાનો બદલો લેવા માટે હતો. પાકિસ્તાને શુક્રવારે વહેલી સવારે 'ઓપરેશન ગઝબ લિલ હક' હેઠળ કાબુલ, કંદહાર અને પક્તિયામાં લક્ષ્યો પર હુમલો કરીને વળતો જવાબ આપ્યો હતો. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેની ૨,૬૧૧ કિમી લાંબી સરહદ 'ડુરાન્ડ લાઈન' તરીકે ઓળખાય છે, જેને કાબુલે ક્યારેય સત્તાવાર રીતે માન્યતા આપી નથી. પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, અમારી ધીરજ ખૂટી ગઈ છે. હવે અમારી

...અનુસંધાન પાના 11 પર

## સૈન્ય કાર્યવાહી અને જાનહાનિના વિરોધાભાસી દાવા

બંને દેશોએ આ યુદ્ધમાં એકબીજાને ભારે નુકસાન પહોંચાડ્યું હોવાના દાવા કર્યા છે:

**પાકિસ્તાનનો દાવો**
પાકિસ્તાની સેનાએ 'ઓપરેશન ગઝબ લિલ હક' હેઠળ કાબુલ, કંદહાર અને પક્તિયામાં હુમલા કર્યા. આ કાર્યવાહીમાં ૨૭૪ તાલિબાન લડવૈયાઓ ઠાર થયા છે અને ૪૦૦ થી વધુ ઘાયલ થયા છે. પાકિસ્તાનના ૧૨ સૈનિકો શહીદ થયા, ૨૭ ઘાયલ થયા અને એક સૈનિક ગુમ છે.

**અફઘાનિસ્તાન (તાલિબાન)નો દાવો**
અફઘાન દળોએ ૫૫ પાકિસ્તાની સૈનિકોને મારી નાખ્યા હોવાનો દાવો કર્યો છે. તેમણે ૧૯ પાકિસ્તાની લશ્કરી ચોકીઓ અને બે વડામથકો કબજે કર્યા હોવાનું જણાવ્યું છે. આ લડાઈમાં અફઘાનિસ્તાનના ૧૩ સૈનિકોના મોત થયા છે અને ૨૨ ઘાયલ થયા છે.

## અફઘાનિસ્તાન ભારતની કોલોની બની ગયું છે: પાક.નો આક્ષેપ

પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી આસિફે જણાવ્યું હતું કે નાટો દળોની વાપસી પછી એવી અપેક્ષા હતી કે અફઘાનિસ્તાનમાં શાંતિ સ્થપાશે અને તાલિબાન અફઘાન લોકોના વિકાસ અને પ્રાદેશિક સ્થિરતા પર ધ્યાન કેન્દ્રિત કરશે. પરંતુ તાલિબાને અફઘાનિસ્તાનને ભારતની કોલોની બનાવી દીધું છે. તેઓએ વિશ્વના તમામ આતંકવાદીઓને અફઘાનિસ્તાનમાં એકઠા કર્યા અને આતંકવાદની નિકાસ શરૂ કરી દીધી એવો આક્ષેપ તેમણે કોઈ પણ પુરાવા આપ્યા વિના કર્યો હતો.

# એક્સાઇઝ કૌભાંડમાં કેજરીવાલ, સિસોદીયા તથા અન્ય ૨૧ નિર્દોષ જાહેર

**દિલ્હીની** કોર્ટે આ તમામને નિર્દોષ જાહેર કરતા સીબીઆઇની સખત ઝાટકણી કાઢી, કેસને સંપૂર્ણપણે નકામો ગણાવ્યો

**તેલંગાણા** જાગૃતિ પક્ષના અધ્યક્ષ કે. કવિતા પણ નિર્દોષ

**નવી દિલ્હી, તા. 27 (PTI):** દિલ્હીની એક અદાલતે શુક્રવારે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, તેમના ડેપ્યુટી મનીષ સિસોદિયા અને અન્ય 21 લોકોને રાજકીય રીતે ચર્ચિત લિકર પોલિસી કેસમાં મુક્ત કર્યા છે. સીબીઆઈને ફટકાર લગાવતા કોર્ટે કહ્યું કે તેનો કેસ ન્યાયિક ચકાસણીમાં ટકી રહેવા માટે સંપૂર્ણપણે અસમર્થ છે અને તે સંપૂર્ણ રીતે નકામો સાબિત થયો છે. આ કેસમાં ક્લીન ચિટ મેળવનારા 21 લોકોમાં તેલંગાણા જાગૃતિના અધ્યક્ષ કે. કવિતા પણ સામેલ છે.

સ્પેશિયલ જજ જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, આ કોર્ટને એ માનવામાં જરાય સંકોચ નથી કે રેકોર્ડ પર મૂકવામાં આવેલી સામગ્રી આરોપીઓ વિરુદ્ધ પ્રાથમિક દૃષ્ટિએ કેસ, અથવા તો કોઈ ગંભીર શંકા પણ ઊભી કરતી નથી. તે મુજબ, આરોપી નંબર 1 થી 23 ને આ કેસમાં તેમના પર લાગેલા તમામ આરોપોમાંથી મુક્ત કરવામાં આવે છે. CBI હવે રદ કરાયેલી આપ(AAP) સરકારની આબકારી નીતિ ઘડવામાં અને તેના અમલીકરણમાં થયેલા કથિત ભ્રષ્ટાચારની તપાસ કરી રહી હતી.

જ્યારે કેજરીવાલ આ કેસમાં છ મહિના જેલમાં રહ્યા હતા, ત્યારે સિસોદિયા લગભગ બે વર્ષ જેલના સળિયા પાછળ રહ્યા હતા. જજે કહ્યું કે કેસનો પાયો - એટલે કે અગાઉથી નાણાંની ચૂકવણી અને તેની કથિત વસૂલાતનો આરોપ - પાયાના સ્તરેથી જ નષ્ટ થઈ ગયો છે. તેમના ચુકાદામાં લખ્યું છે કે, ભ્રષ્ટ નીતિ અથવા ગેરકાયદેસર અમલીકરણના અભાવમાં, પ્રોસિક્યુશનની થીયરી માત્ર અનુમાન બનીને રહી જાય છે. જે ખાનગી વ્યક્તિઓએ કાયદેસર રીતે ઘડાયેલી અને અમલમાં મુકાયેલી નીતિમાંથી વ્યાપારી લાભ મેળવવાનો પ્રયાસ કર્યો હોય, તેમને ક્રિમિનલ કાર્યવાહીની

...અનુસંધાન પાના 11 પર

### તપાસ અગાઉથી નક્કી કર્યા મુજબ કરવામાં આવી હોય તેમ જણાય છે: અદાલત

પોતાના આદેશમાં જજ સિંહે કહ્યું કે તપાસ અગાઉથી નક્કી કરેલા માર્ગ પર આગળ વધી હોય તેવું લાગે છે, જેમાં નીતિ ઘડવા અથવા અમલીકરણ સાથે જોડાયેલી લગભગ દરેક વ્યક્તિને સંડોવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેથી એક નબળી વાર્તાને ગહન અને વિશ્વસનીય બનાવી શકાય. તેમણે વધુમાં ઉમેર્યું કે રેકોર્ડનું સામૂહિક મૂલ્યાંકન એ પણ દર્શાવે છે કે, એક વિશાળ અને જટિલ કાવતરાની છાપ ઊભી કરવા માટે અલગ-અલગ ટુકડાઓને જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે,

...અનુસંધાન પાના 11 પર

### નેતાઓએ જેલમાં વિતાવેલો સમય

આ કેસને કારણે AAPના નેતાઓને લાંબો સમય જેલમાં રહેવું પડ્યું હતું:
- વિજય નાયરઃ 658 દિવસ (લગભગ 23 મહિના)
- મનીષ સિસોદિયાઃ 510 દિવસ (લગભગ 17 મહિના)
- સંજય સિંહઃ 181 દિવસ (લગભગ 6 મહિના)
- અરવિંદ કેજરીવાલઃ 177 દિવસ (લગભગ 6 મહિના)
- કે. કવિતાઃ 150 દિવસ (લગભગ 5 મહિના)

## કેજરીવાલના ઘરે ઉજવણી



**કાર્યકરોએ** મિઠાઇ વહેંચી, ઢોલના તાલે નાચ્યા

**આપ** કાર્યાલય પર પણ પક્ષના કાર્યકર્તાઓએ ઉજવણી કરી

**નવી દિલ્હી, તા. 27 (PTI):** 5 ફિરોઝ શાહ રોડ પરનો જે ખૂણો સામાન્ય રીતે શાંત રહેતો હતો, ત્યાં શુક્રવારે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ વિરુદ્ધનો આબકારી કેસ રદ થયાના સમાચાર ફેલાતા જ ભારે ઉત્સાહ અને ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો.

આમ આદમી પાર્ટીના કાર્યકરો ઢોલના તાલે નાચતા હતા અને વરિષ્ઠ નેતાઓ તથા પક્ષના ધારાસભ્યો 'અરવિંદ કેજરીવાલ ઝિંદાબાદ' ના નારા લગાવી રહ્યા હતા, ત્યારે મુલાકાતીઓને લાડુ અને ઘુઘરા વહેંચવામાં આવ્યા હતા. ઘરની અંદર, કેજરીવાલ અત્યંત ભાવુક દેખાતા હતા અને તેઓ પત્ની તથા બાળકોને ભેટી રહ્યા હતા. પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા, જેમને પણ આ કેસમાં મુક્ત કરવામાં આવ્યા છે, તેઓ પણ આ ઉજવણીનો ભાગ બન્યા હતા. પક્ષના એક કાર્યકર્તાએ જણાવ્યું કે, આજે ઉજવણીનો દિવસ છે, સત્ય અને પ્રામાણિકતાનો વિજય થયો છે. નરેન્દ્ર મોદી

...અનુસંધાન પાના 11 પર

### સીબીઆઇની હાઇકોર્ટમાં અપીલ

**નવી દિલ્હી.** સીબીઆઈએ દિલ્હી હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી છે, જેમાં લિકર પોલિસી કેસમાં પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા અને અન્ય લોકોને નિર્દોષ છોડવાના સ્પેશિયલ કોર્ટના આદેશને પડકારવામાં આવ્યો છે, તેમ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય એજન્સીએ એવા અનેક મુદ્દાઓ તરફ ધ્યાન દોર્યું છે જેની સ્પેશિયલ કોર્ટ દ્વારા આરોપો ઘડવાના તબક્કે અવગણના કરવામાં આવી હતી અને તેને ધ્યાનમાં લેવામાં આવ્યા ન હતા. સીબીઆઈના પ્રવક્તાએ દિવસની શરૂઆતમાં એક નિવેદનમાં

...અનુસંધાન પાના 11 પર

## કેજરીવાલ રડી પડ્યાઃ આ કેસને સૌથી મોટું કાવતરું ગણાવ્યું



**કોર્ટે** સાબિત કરી દીધું કે કેજરીવાલ, સિસોદીયા, આપ પાર્ટી કટ્ટર ઇમાનદાર છે

**નવી દિલ્હી, તા. 27 (PTI):** કોર્ટના ચુકાદા પછી એક ભાવુક સંબોધનમાં અરવિંદ કેજરીવાલે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની વિરુદ્ધનો ભ્રષ્ટાચારનો કેસ સ્વતંત્ર ભારતના ઈતિહાસનું સૌથી મોટું રાજકીય ષડયંત્ર હતું.

કોર્ટના ચુકાદા પછી પત્રકારો સાથે વાત કરતી વખતે કેજરીવાલ ભાવુક થઈને રડી પડ્યા હતા. જ્યારે આ આદેશ પસાર કરવામાં આવ્યો ત્યારે 'આપ' ના સંયોજક કોર્ટમાં હાજર હતા. દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાની હાજરીમાં તેમણે કહ્યું, કોર્ટે સાબિત કરી દીધું છે કે કેજરીવાલ, મનીષ સિસોદિયા

...અનુસંધાન પાના 11 પર

# GDP ગણતરીમાં સુધારોઃ વૃદ્ધિ દરનો અંદાજ વધીને 7.6% થયો

**આગામી** નાણાકીય વર્ષ માટેનો વિકાસ દર સુધારીને ૭થી ૭.૪ ટકા કરવામાં આવ્યો

**નવી** સિરીઝ હેઠળ જીડીપી ગણતરી માટે બેઝ વર્ષ ૨૦૨૨-૨૩ રાખીને ગણતરી કરવાનો પ્રારંભ

**હવે** ડ્રાઈવર-રસોઈયા અને ઘરકામ કરનારાની સેવાઓ પણ જીડીપીમાં ગણાશે, ઈ વાહન પોર્ટલના ડેટાનો પણ ઉપયોગ થશે

**નવી દિલ્હી, 27 (PTI):** આર્થિક પ્રવૃત્તિઓને વધુ સારી રીતે પ્રતિબિંબિત કરવા માટે સરકારે જીડીપી ગણતરીની પદ્ધતિમાં સુધારો કર્યો છે, જેમાં આધાર વર્ષ બદલવા અને GST તથા ઈ-વાહન પોર્ટલના ડેટા ઉમેરવાનો સમાવેશ થાય છે. આ ફેરફારો બાદ ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતનો GDP વૃદ્ધિ દરનો અંદાજ 7.4 ટકાથી વધારીને 7.6 ટકા કરવામાં આવ્યો છે. જ્યારે કે આગામી નાણાકીય વર્ષ માટે આ અંદાજ નવી સિરિઝના આધારે વધારીને ૭થી ૭.૪ ટકા કરવામાં આવ્યો છે.

સાંખ્યિકી અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) એ શુક્રવારે આધાર વર્ષ 2022-23 સાથે રાષ્ટ્રીય હિસાબી અંદાજોની નવી શ્રેણી બહાર પાડી છે, જે અગાઉની 2011-12ના આધાર વર્ષ વાળી શ્રેણીનું સ્થાન લેશે. GDP શ્રેણીમાં આ 9મો આધાર સુધારો છે. નવી શ્રેણી મુજબ, વર્ષ 2025-26ના ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં જીડીપી વૃદ્ધિ દર 7.8 ટકા રહ્યો છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં 7.4 ટકા હતો. આ વૃદ્ધિ મુખ્યત્વે ઉત્પાદન અને સેવા ક્ષેત્રો દ્વારા સંચાલિત છે. મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને શુક્રવારે જણાવ્યું હતું કે, આગામી નાણાકીય વર્ષ માટે આર્થિક વૃદ્ધિના અંદાજમાં 20 બેસિસ પોઈન્ટ્સનો વધારો કરીને તેને 7 થી 7.4 ટકા કરવામાં આવ્યો છે અને આ વર્ષ દરમિયાન જીડીપી (GDP)નું કદ 4 ટ્રિલિયન ડોલરના આંકને આરામથી વટાવી જશે. જાન્યુઆરીમાં સંસદમાં રજૂ કરવામાં આવેલા આર્થિક સર્વેમાં નાણાકીય વર્ષ 2026-27 માટે વૃદ્ધિ દર 6.8 થી 7.2 ટકા રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો હતો.

સાંખ્યિકી અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) દ્વારા વર્ષ 2022-23 ના આધાર વર્ષ (base year) સાથે વાર્ષિક અને ત્રિમાસિક રાષ્ટ્રીય હિસાબના અંદાજોની નવી શ્રેણી બહાર પાડવામાં આવી રહી છે, જે 2011-12 ના આધાર વર્ષવાળી અગાઉની શ્રેણીનું સ્થાન લેશે. રાષ્ટ્રીય હિસાબ અથવા જીડીપીની નવી શ્રેણી જાહેર કરવા અંગેની પ્રેસ કોન્ફરન્સને સંબોધતા નાગેશ્વરને જણાવ્યું હતું કે, ...અમે નવી શ્રેણી હેઠળ નાણાકીય વર્ષ 2027 માટે અમારા જીડીપી ગ્રોથ આઉટલુકમાં સુધારો કરી રહ્યા છીએ, જે અગાઉના 6.8-7.2 ટકાથી વધીને 7 થી 7.4 ટકા થયો છે... અર્થતંત્ર 7 ટકાના બદલે 7.4 ટકાની આસપાસનો આંકડો હાંસલ કરે તેવી શક્યતા વધુ છે. વધુમાં, બીજા ત્રિમાસિક ગાળા માટે જીડીપી વૃદ્ધિ દર જૂની શ્રેણી (આધારઃ 2011-12)ના 8.2 ટકાથી સુધારીને 8.4 ટકા કરવામાં આવ્યો છે, જ્યારે પ્રથમ ત્રિમાસિક ગાળા માટે તે 7.8 ટકાથી ઘટાડીને 6.7 ટકા કરવામાં આવ્યો છે. MoSPI

...અનુસંધાન પાના 11 પર

### ગણતરીમાં શું બદલાયું?

સરકારે આર્થિક પ્રવૃત્તિઓને વધુ સારી રીતે પ્રતિબિંબિત કરવા માટે ગણતરીમાં આધુનિક સ્ત્રોતોનો સમાવેશ કર્યો છે:

**નવું બેઝ યરઃ** હવે 2011-12 ને બદલે **2022-23** ને આધાર વર્ષ માનવામાં આવશે.

**નવા ડેટા સ્ત્રોતઃ** GST નેટવર્ક, **ઇ-વાહન પોર્ટલ** અને પબ્લિક ફાઇનાન્સ મેનેજમેન્ટ સિસ્ટમ (PFMS) ના ડેટાનો ઉપયોગ.

**ઘરેલું સેવાઓનો સમાવેશઃ** પ્રથમ વખત ડ્રાઈવર, રસોઈયા અને ઘરકામ કરનારાઓની સેવાઓના ડેટાને પણ સ્થાન અપાયું છે.

**ડબલ ડિફ્લેશનઃ** મેન્યુફેક્ચરિંગ અને કૃષિ ક્ષેત્રમાં સચોટ મોંઘવારી માપવા માટે 'ડબલ ડિફ્લેશન' પદ્ધતિ અમલી બની છે.

### નવા આંકડાઓ પર એક નજર

**નવા બેઝ યર (2022-23) મુજબ જીડીપીના આંકડાઓમાં સુધારો જોવા મળ્યો છેઃ**

| વિગત | જૂની સીરીઝ (2011-12) | નવી સીરીઝ (2022-23) |
|---|---|---|
| નાણાકીય વર્ષ 2026 (અંદાજ) | 7.4% | 7.6% |
| ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટર (Q3) | 7.4% | 7.8% |
| જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટર (Q2) | 8.2% | 8.4% |
| નોમિનલ GDP વૃદ્ધિ (FY26) | - | 8.6% |

## આર્થિક બાબતમાં અભણઃ કોર્ટે CBIને સખત ઝાટકી

**તપાસ** અધિકારી સામે ખાતાકીય તપાસનો પણ રાઉઝ એવન્યુ કોર્ટનો આદેશ

**નવી દિલ્હી, તા. 27:** દિલ્હીની એક અદાલતે શુક્રવારે હવે રદ થઈ ચૂકેલી દિલ્હી સરકારની આબકારી નીતિ સાથે જોડાયેલા ભ્રષ્ટાચારના આરોપોની તપાસ બદલ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI)ની આકરી ઝાટકણી કાઢી હતી. અદાલતે એજન્સીની 'ષડયંત્રની થિયરી'ને નકારી કાઢી હતી અને કેસના પાયા પર જ સવાલ ઉઠાવ્યા હતા.

ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને તેમના ડેપ્યુટી મનીષ સિસોદિયા સહિત તમામ 23 આરોપીઓને નિર્દોષ જાહેર કરતા , રાઉઝ એવન્યુ કોર્ટે જણાવ્યું હતું કે પ્રોસિક્યુશનની વાર્તા કાલ્પનિક, કાયદેસર રીતે અસમર્થ અને પુરાવાઓને બદલે પૂર્વધારણાઓથી પ્રેરિત હતી. રાઉઝ એવન્યુ કોર્ટના સ્પેશિયલ જજ જિતેન્દ્ર સિંઘે

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૭-૦૨-૨૦૨૬નું વડોદરા શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૧.૪° સે. | ૨૦.૨° સે. | ૩૧% |